અપીલ અરજી નં.૧૪૫ તા.૧૦–૬–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી બવાડીયા હર્ષદભાઈ બાબુભાઈ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી બવાડીયા હર્ષદભાઈ બાબુભાઈની તા.૧૫–૪–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ટી.પી.૬૮માંથી પસાર થતા ૩૦મી. વાઈડ રોડનું માપ કરી બંને બાજુ ખુંટા મારવા યોગીચોકથી (યોગીદર્શનઅને તુલશીદર્શન વચ્ચેથીપસાર થઈ) સીમાડા ગામ તરફ જતા – યોગીચોકથી–બાપાસીતારામ–સીમાડા ગામ–વ્રજભૂમિ સેકટર તરફ જતા ૩૦મી.વાઈડ ડી.પી.રોડના ખુંટા મારવા બાબત.મુદ્દા નં. (૨) મોજે ગામ સીમાડા તા. ચાર્યાસી જી. સુરતના બ્લોક નં. ૧૦૩,૧૦૪ માં આવેલ સુવિધા રો.હાઉસ સોસા. માં બાંધવામાં આવેલ રો.હાઉસ નં. ૧અને ૭ આ સાથે બિડાણ –૧ અને બિડાણ –૨ તસ્વીર મુજબ બાંધેલા છે આ બંને રો.હાઉસ ૩૦મી.વાઈડ રોડતી કેટલા મી. દૂર અંતરે બાંધવામાં આવેલ છે તેનું માપ કરી લેખિતમાં આ માપ જાણ કરવાની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૧૦–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૪૫/૨૦૧૧–૧૨

શ્રી બવાડીયા હર્ષદભાઈ બાબુભાઈની તા.૧૫–૪–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ટી.પી. ૬૮માંથી પસાર થતા ૩૦મી. વાઈડ રોડનું માપ કરી બંને બાજુ ખુંટા મારવા યોગીચોક થી(યોગીદર્શન અને તુલશીદર્શન વચ્ચેથીપસાર–૧૧ થઈ) સીમાડા ગામ તરફ જતા –યોગીચોકથી–બાપાસીતારામ–સીમાડા ગામ–વ્રજભૂમિ સેકટર તરફ જતા ૩૦મી.વાઈડ ડી.પી.રોડના ખુંટા મારવા બાબત.મુદ્દા નં. (૨) મોજે ગામ સીમાડા તા. ચાર્યાસી જી. સુરતના બ્લોક નં. ૧૦૩ , ૧૦૪ માં આવેલ સુવિધા રો.હાઉસ સોસા. માં બાંધવામાં આવેલ રો.હાઉસ નં. ૧અને ૭ આ સાથે બિડાણ –૧ અને બિડાણ –૨ તસ્વીર મુજબ બાંધેલા છે આ બંને રો.હાઉસ ૩૦મી.વાઈડ રોડતી કેટલા મી. દૂર અંતરે બાંધવામાં આવેલ છે તેનું માપ કરી લેખિતમાં આ માપ જાણ કરવાની માહિતી આપવા બાબતે એીડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૩૩ તા.૧૨–૫–૧૧ થીઆપેલ માહિતીને ગેરમાર્ગે દોરવા નો પ્રયત્ન કરેલ છે.એવું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા અરજદારની અરજી કલમ ૬(૩)હેઠળ તબદીલીમાં નિકાલના દિન –૨૧ ના વિલંબથી મોકલેલ તેની સ્પષ્ટતા કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૩૩ તા.૬–૭–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં કાર્યવાહી હાથ ધરવા રજૂઆત માટે સક્ષમ સત્તાને અલગથી રજૂઆત કરવા તેમજ મુદ્દા નં. ૪માં માહિતી શું જોઈએ તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૦–૭–૧૧ ના રોજ પૂરક વિગત અંગેનો પત્ર મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૯–૭–૧૧ ના પત્ર મળેલ છે.

અરજદારની તા.૧૫–૪–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૩૩ તા.૧૨–૫–૧૧ થી નિયત સમય અવધિમાં માહિતી આપવામાં આવેલ. જેના સંદર્ભે અરજદારે માંગેલ માહિતી સંતોષકારક જવાબ મળ્યો નથી અને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરેલ હોવાનું જણાવી તા.૧૦–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુળ અરજીના દ્દા નં.(૧) ટી.પી. ૬૮માંથી પસાર થતા ૩૦મી. વાઈડ રોડનું માપ કરી બંને બાજુ ખુંટા મારવા યોગીચોક થી(યોગીદર્શન અને તુલશીદર્શન વચ્ચેથીપસાર થઈ) સીમાડા ગામ તરફ જતા –યોગીચાકથી–બાપાસીતારામ–સીમાડા ગામ–વ્રજભૂમિ સેકટર તરફ જતા ૩૦મી.વાઈડ ડી.પી.રોડના ખુંટા મારવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ હેઠળ વરાછાઝોન ખાતે ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની રહે છે તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં ટીપી ૬૮ પાસ થયાના ઘણા વર્ષો થયા હોવા છતાં આજ દિન સુધી શા માટે ૩૦ મીટર વાઈડ રોડનું માપ કરી ખુંટા માર્યા નથી જે વિભાગને ખ્રુટા મારવા તાકીદે સૂચન કરવું અને કેટલા સમયમાં મારવામા આવશે તેની સમય મર્યાદા જણાવવી અને ખૂંટા મારવા માંગે છે કે માગંતા નથી તેની જાણ કરવી. જે અંગે અત્રેથી પાઠવેલ પત્રમાં પણ કાર્યવાહીને લગતી રજૂઆત અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા આરટીઆઈ સેલ/૪૩૩ તા.૬–૭–૧૧ થી જણાવવામાં આવેલ છે. મુદ્દા નં. (૨) મોજે ગામ સીમાડા તા. ચાર્યાસી જી. સુરતના બ્લોક નં. ૧૦૩ , ૧૦૪ માં આવેલ સુવિધા રો.હાઉસ સોસા. માં બાંધવામાં

આવેલ રો.હાઉસ નં. ૧અને ૭ આ સાથે બિડાણ –૧ અને બિડાણ –૨ તસ્વીર મુજબ બાંધેલા છે આ બંને રો.હાઉસ ૩૦મી.વાઈડ રોડથી કેટલા મી. દૂર અંતરે બાંધવામાં આવેલ છે તેનું માપ કરી લેખિતમાં આ માપ જાણ કરવાની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મોજે ગામ સીમાડા તા.ચાર્યાસી જી. સુરતના બ્લોક નં.૧૦૩,૧૦૪ માં આવેલ સુવિધા રો હાઉસના પ્લાન સુરત શહેર વિકાસ સત્તા મંડળના હુકમ નં.સુડા/વિ.પ.અ/યુ–૪/વિ.પ.અ./૬૨૧૯/૪૫૧ તા.૩૧–૧–૦૭ થી મંજુર કરવામાં આવેલ છે. મંજુર પ્લાનમાં દર્શાવ્યા મુજબ સ્થળ ઉપર રો હાઉસ નં.૧ અને ૭ નું બાંધકામ થયેલ નથી. વધુમાં મંજુર પ્લાનની નકલ નિયમો અનુસાર ફી ભર્યેથી મળી શકશે તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં સુવિધા રો હાઉસ નં.૧ અને ૭ ૩૦ મીટર વાઈડરોડથી કેટલા મી. દુર અંતરે બાંધવામાં આવેલ છે તેનું માપ પુછવામાં આવેલ છે પરંતુ આ માહિતી ગેરમાર્ગે દોર્યા છે અને જવાબ આપવાના છે કે મંજુર પ્લાનમાં દર્શાવ્યા મુજબ સ્થળ ઉપર રો હાઉસ નં.૧ અને ૭ નું બાંધકામ થયેલ નથી. તમારી પાસે જે માહિતી માંગી છે તેને અને મંજુર પ્લાન સાથે બાંધકામનેકોઈ લેવા દેવા નથી. માટે પ્રશ્ન બરાબર સમજીને માંગેલી માહિતી મુજબ ૩૦ મી. ટીપી. રોડની ઉપરોકત બંને રો હાઉસ નં.૧ અને ૭ ૩૦ મી. ટીપી થી કેટલા દુર બંધાયેલ છે તેવી માહિતી આપવી. વધુમાં અરજદારે તા.૧૯–૭–૧૧ ના પત્રમાં પણ તેવું જણાવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં ફોટો સ્પષ્ટ ન હોઈ તેમજ આરટીઆઈ હેઠળ રકર્ડની માહિતી આપવાની રહે છે. જે અંગે હાલમાં સ્થળ ઉપર જે રો હાઉસ બાંધવામાં આવેલ છે તે રો હાઉસ નં.૧ અને ૭ ને " સુડા" તરફથી મંજુર કરેલ પ્લાનમાં અનુક્રમે રો હાઉસ નં.૧૭ અને નં.૧૦ દર્શાવવામાં આવેલ છે. તથા મંજુર પ્લાનમાં ૩૦ મી. ના રોડથી રો હાઉસ નં.૧૭ નું અંતર ૧૮.૭૫ મી. તથા રા હાઉસ નં.૧૦ નું અંતર ૧૨.૭૫ મી. દર્શાવવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. આમ અરજદારને મુદ્દા નં. ૨ અંગે બંને પ્લોટોનું વાઈડ રોડથી કેટલું અંતર છે તેની વિગત અપીલ તબકકે અત્રે રજૂ થયેલ છે. પરંતુ અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી. જયારે મુદ્દા નં.૧ અંગે અરજદારની રજૂઆત માહિતી માંગવાની નહીં પરંતુ કાર્યવાહી હાથ ધરવાને લગતી જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૫–૪–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨ ની માહિતી અપીલ તબકકે અત્રે રજૂ થયેલ છે પરંતુ અરજદારને અપાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ વિના મૂલ્યે અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ને જણાવવામાં આવે છે. મુદ્દા નં.૧ અંગે માહિતી માંગેલ ન હોઈ પરંતુ કાર્યવાહીની રજૂઆત હોઈ માહિતી અધિકાર પૂરતું તકરારનું કારણ રહેતું નથી.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૧

પ્રતિ,

(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી બવાડીયા હર્ષદભાઈ બાબુભાઈ,